Paper Code - 3585

B.A. Semester-III (Sociology)
July-September-2021
CE -304 : Rural Sociology : ગ્રામીણ સમાજશાસ્ત્ર

કુલ સમય :– ૬૦ મીનીટ **કુલ પ્રશ્નો : ૫૦** **વિદ્યાર્થીએ ટીક કરવાના પ્રશ્નો : ૩૫**

નોંધ : વિદ્યાર્થીએ માત્ર ૩૫ પ્રશ્નો જ ટીક કરવાના રહેશે. જો વધારે ટીક કરેલ હશે તો પ્રથમ ૩૫ પ્રશ્નો જ ગણતરીમાં લેવામાં આવશે.

1. ગ્રામીણ વિસ્તાર એટલે ....
[A] વસ્તીનું કદ અને ઘનતા ઓછી [B] મોટા ભાગની વસ્તીનો કૃષિ વ્યવસાય [C] A અને B બંને [D] એક પણ નહિ
2. કોના મતે,..“ ગ્રામીણ સમાજશાસ્ત્રનો મુખ્ય હેતુ ગ્રામીણ સમાજના સામાજિક સંગઠન,તેની રચના,કાર્ય તેમજ વિકાસની પ્રક્રિયા તપાસવાનો છે.”
[A] ડો. એ .આર .દેસાઇ [B] પ્રો. ચિતાંબર [C] બર્ટ્રેન્ડ [D] ડો. દુબે
3. “ગ્રામીણ સમાજશાસ્ત્ર ગ્રામીણ ક્ષેત્રોમાં વસવાટ કરતા માનવીના અભ્યાસ સાથે સંકળાયેલું છે માનવ વસવાટનો ગ્રામીણ વિસ્તાર અને તેના પરિણામો ગ્રામીણ સમાજશાસ્ત્રનું કાર્યક્ષેત્ર છે કોના મતે?
[A] પ્રો.ચિતાંબર [B] ડો.નીરા દેસાઇ [C] ડો.એ.આર.દેસાઇ [D] B અને C બંને
4. ગ્રામીણ સમાજશાસ્ત્રના સ્વરૂપમાં કોનો સમાવેશ થાય છે ?
[A] સમાજશાસ્ત્ર ની એક શાખા છે. [B] વૈજ્ઞાનિક પદ્ધતિ ઓનો ઉપયોગ [C] હકીકતલક્ષીતા [D] ઉપરના બધા જ
5. ગ્રામીણ સમાજશાસ્ત્ર ના અભ્યાસમાં કઈ કઈ પદ્ધતિનો સમાવેશ થાય છે ?
[A] ક્ષેત્ર નિરીક્ષણ પદ્ધતિ [B] સર્વેક્ષણ પદ્ધતિ [C] મુલાકાત પદ્ધતિ [C] ઉપરના બધાજ
6. ભારતમાં ગ્રામીણ સમાજશાસ્ત્રનો પરિચય કોનું પુસ્તક છે ?
[A] પ્રો. ચિતાબંર [B] ડો.એ.આર.દેસાઇ [C] બટ્રાન્ડ [D] એક પણ નહિ
7. “ **Introductory Rural Sociology** ” પુસ્તક કોનું છે?
[A] ડો.એ.આર.દેસાઇ [B] પ્રો. ચિતાબંર [C] ડો.નીરા દેસાઇ [D] ડો. દુબે
8. ગ્રામીણ સમસ્યામાં કઈ સમસ્યાનો સમાવેશ થતો નથી ?
[A] ગરીબી [B] દેવુ [C] ગુનાખોરી [D] અસમાનતા
9. સમાજશાસ્ત્રના વિકાસનો મુખ્ય આધારસ્તંભો કયો છે ?
[A] ખ્યાલોનો વિકાસ [B] પદ્ધતિશાસ્ત્રનો વિકાસ [C] સિદ્ધતોનો વિકાસ [D] બધા જ
10. ભારતીય સમાજને યથાર્થ રીતે સમજવા માટે કયા અભ્યાસો ઉપયોગી છે ?
[A] ગ્રામીણ સમાજશાસ્ત્રીય અભ્યાસો [B] શહેરી સમાજશાસ્ત્રીય અભ્યાસો [C] A અને B બંને [D] એક પણ નહિ
11. જ્ઞાતિના પરંપરાગત લક્ષણો કોણે આપ્યા છે ?
[A] ડો.દુબે [B] ડો. ધૂર્યે [C] A અને B બંને [D] શ્રી નિવાસ
12. ગ્રામીણ સમાજમાં વિવિધ જ્ઞાતિઓ વચ્ચેના સેવા સંબંધો એટલે.....
[A] સામાજિક દરજ્જો [B] સામાજિક ગતિશીલતા [C] જજમાની પ્રથા [D] એક પણ નહિ
13. પ્રભાવી જ્ઞાતિ એટલે ....
[A] કોઈ જ્ઞાતિ સંખ્યાબળને કારણે અન્ય જ્ઞાતિ પર વર્ચસ્વ ભોગવતી હોય
[B] રાજકીય અને આર્થિક સત્તામાં આગળ પડતું સ્થાન ધરાવતી હોય
[C] બિનપ્રભાવી જ્ઞાતિ માટે સંસ્કૃતિકરણનું મોડેલ પુરુ પાડે છે [D] ઉપરના બધા જ
14. ગ્રામીણ કુટુંબની લાક્ષણિકતા કોણે આપી છે.?
[A] ડો.એ.આર.દેસાઇ [B] ડો.એસ.સી.દૂબે [C] ડો.ધૂર્યે [D] ડો.યોગેન્દ્રસિંહ
15. પરિણિત પુત્ર તેના લગ્ન બાદ માબાપથી અલગ થઈને જુદુ ઘર વસાવે છે તેને કુટુંબનો કયો પ્રકાર કહેવાય ?
[A] પ્રાથમિક કુટુંબ [B] સંયુક્ત કુટુંબ [C] સંયુક્ત જોડાણવાળા કુટુંબ [D] B અને C બંને
16. “Allied families” નો ખ્યાલ કોણે આપ્યો છે. ?
[A] ડો.ધૂર્યે [B] ડો.દુબે [C] શ્રીનિવાસ [D] બર્ટ્રાન્ડ
17. કુટુંબવાદની ખાસિયતો કોણે આપી છે. ?
[A] પ્રો. ચિતાંબર [B] ડો.એ.આર.દેસાઇ [C] ડો.દૂબે [D] બર્ટ્રાન્ડ
18. ગ્રામીણ સમાજમાં લગ્નનું પાસું કયું છે. ?
[A] લગ્નનું સંસ્કાર સ્વરૂપ [B] જ્ઞાતિના નિયમોનું અનુસરણ [C] આંતરજ્ઞાતિયલગ્ન અપવાદરૂપ [D] બધા જ
19. ગ્રામીણ સમાજમાં લગ્નના પાસાંમાં પતિ –પત્ની સંબંધોમાં શેનો સમાવેશ થતો નથી ?
[A] પતિ –પત્ની વચ્ચે સત્તા- તાબેદારીના સંબંધો [B] પત્ની તેના પતિને નામથી બોલાવે છે.
[C] પત્નીએ પરંપરાગત લાજમર્યાદાના નિયમો પાળવાના હોય છે. [D] A અને C બંને
20. ગ્રામીણ સમાજમાં વર્તમાન સમયમાં સ્ત્રીનું કુટુંબમાં સ્થાન કેવું છે ?
[A] કુટુંબમાં સ્ત્રીની ગૃહણી તરીકેની ભૂમિકા હળવી બની છે. [B] સ્ત્રીને ફુરસદનો સમય ઉપલબ્ધ બન્યો છે.
[C] રાજકારણમાં સક્રિય બની છે. [D] બધા જ
21. ગુજરાત પંચાયત ધારો કયારે અમલમાં આવ્યો છે ?
[A] 15 એપ્રિલ -1994 [B] 2 ઓકટોબર – 1952 [C] 2 ઓકટો – 1959 [D] અન્ય
22. પંચાયતી રાજ એટલે “લોકશાહી વિકેન્દ્રીકરણ” કોના મતે ?
[A] બળવંતરાય મહેતા કમિટિ [B] અશોક મહેતા સમિતિ [C] A અને B બંને [D] એક પણ નહિ
23. પંચાયતી રાજને કોણે ‘મહાન ક્રાંતિકારી પ્રયોગ’ તરીકે ઓળખાવેલ છે ?
[A] શ્રી.એસ.કે.ડે. [B] જ્વાહરલાલ નહેરુ [C] શ્રી.વિધાસાગર [D] B અને C બંને

24. ગ્રામ પંચાયતની કુલ બેઠકોમાંથી કેટલી બેઠકો સ્ત્રીઓ માટે અનામત રાખવામા આવે છે?
[A] 1/10 બેઠકો [B] 1/3 બેઠકો [C] 1/2 બેઠકો [D] B અને C બંને
25. ગ્રામ પંચાયતમાં કારોબારી સમિતિની મુદત કેટલા વર્ષની હોય છે. ?
[A] બે વર્ષ [B] પાંચ વર્ષ [C] ત્રણ વર્ષ [D] છ વર્ષ
26. તાલુકા પંચાયતને અન્ય કયા નામે ઓળખવામાં આવતું નથી
[A] વિલેજ પંચાયત [B] જનપદ પંચાયત [C] મધ્યસ્તર [D] ક્ષેત્ર પંચાયત
27. તાલુકા પંચાયતના રચનાતંત્રીય અંગોમાં કોનો સમાવેશ થાય છે.?
[A] ચુંટાયેલા સભ્યો [B] સહસભ્યો અને આમંત્રિત સભ્યો [C] તાલુકા પંચાયતની સમિતિઓ [D] બધા જ
28. તાલુકા પંચાયતમાં 25 હજારની વધારાની વસ્તી દીઠ કેટલા સભ્યોનો વધારો થાય છે.?
[A] 2 સભ્યો [B] 5 સભ્યો [C] 7 સભ્યો [D] 15 સભ્યો
29. જિલ્લા પંચાયતના અધ્યક્ષને કયા નામથી ઓળખવામાં આવે છે.?
[A] પ્રમુખ [B] સભાપતિ [C] ચેરપર્સન [D] બધા જ
30. જિલ્લા પંચાયતને નીચેનામાંથી કઈ બાબત લાગુ પડતી નથી ?
[A] પંચાયતી રાજના ઉપલા સ્તર તરીકે ઓળખાય છે. [B] પંચાયતી રાજના નીચલા સ્તર તરીકે ઓળખાય છે.
[C] જિલ્લા કક્ષાની અગત્યની લોકશાહી સંસ્થા છે. [D] સ્ત્રીઓ માટે ત્રીજા ભાગની સીટો અનામત રાખવામાં આવે છે.
31. ઔપચારિક સંગઠનમાં કઈ બાબતનો સમાવેશ થાય છે?
[A] સંગઠનનું રચનાતંત્ર પહેલેથી નક્કી થાય છે. [B] ગ્રામ પંચાયત, યુનિવર્સિટી, સહકારી મંડળી ઔપચારિક સંગઠનના દૃષ્ટાંતો છે
[C] દરજ્જા – પ્રતીકો વ્યકિતના હક્કો અને ફરજો તથા સત્તાનો નિર્દેશ કરે છે. [D] ઉપરના બધા જ
32. અનૌપચારિક સંગઠનનું ઉદાહરણ ?
[A] મિત્ર જૂથ [B] ગ્રામ પંચાયત [C] બેંક [D] કારખાનું
33. અનૌપચારિક સંગઠનમાં કઈ બાબતનો સમાવેશ થાય છે ?
[A] વૈયકિતક સંબંધો [B] નાનું કદ [C] A અને B બંને [D] ઔપચારિક ધોરણો
34. નીચેનામાંથી સહકારી મંડળીમાં કઈ બાબતનો સમાવેશ થતો નથી ?
[A]લોકશાહી નિયંત્રણ [B] મંડળીની નોંધણી ફરજિયાત [C] સહકારી મંડળીનું સભ્યપદ ફરજિયાત [D] સમાજ પ્રત્યે ઉતરદાયિત્વ હોય છે.
35. ગ્રામીણ સમુદાયોમાં મૈત્રીલક્ષી જૂથોનું વર્ણન કોણે કયું છે.?
[A] ડો.દુબે [B] શ્રીનિવાસ [C] મેક્કિમ મેરિયર [D] A અને B બંને
36. સહકારી મંડળીઓની દેખરેખ અને માર્ગદર્શન આપવાનું કાર્ય કોણ કરે છે.?
[A] મામલતદાર [B] સરપંચ[C] સહકારી જિલ્લા રજિસ્ટ્રાર [D] શાળાના આચાર્ય
37. ભારતમાં ગ્રાહક સુરક્ષા ધારો કયારે અમલમાં મુકવામાં આવ્યો ?
[A] 1886 [B] 1986 [C] 1828 [D] 1929
38. ગ્રાહક સુરક્ષા સમિતિની મુદત કેટલા વર્ષની હોય છે.?
[A] 2 વર્ષ [B] 1 વર્ષ [C] 3 વર્ષ [D] 5 વર્ષ
39. ગ્રામ શિક્ષણ સમિતિ ની મિટિંગ કયારે યોજાય છે.?
[A] દર બે મહિને એક વાર [B] દર મહિને એક વાર [C] દર ત્રણ મહિને એક વાર [D] વર્ષ માં બે વાર
40. ગ્રામ શિક્ષણ સમિતિમાં કઈ બાબતનો સમાવેશ થાય છે.?
[A] આ સમિતિ શૈક્ષણિક ઓપચારિક સંગઠન છે. [B] 6 થી 14 વર્ષના વયના તમામ બાળકોની નોંધણી થાય તે હેતુ
[C] Aઅને B બંને [D] એક પણ નહિ
41. ગ્રામીણ પરિવર્તન એટલે...........
[A] ગ્રામીણ સમાજની રચના અને કાર્યમાં થતા ફેરફારો. [B] ગ્રામીણ સમાજની જ્ઞાતિ વ્યવસ્થા
[C] ગ્રામીણ સમાજની પરિસ્થિતિ [D] ગ્રામીણ સમુદાયની સ્તરરચના
42. " ભારતમાં સમુદાય વિકાસએ દીર્ઘકાળથી ઉંઘતા ગ્રામજનોને જાગૃત કરવાનો ભગીરથ પ્રયાસ હતો."....એવું દર્શાવનાર વિદ્વાન....
[A] આર્નોલ્ડ ટોયન્બી [B] શ્રી નિવાસ [C] જ્વાહરલાલ નહેરુ [D] Aઅને B બંને
43. નીચેના કયા મૂલ્યોથી સમાજમાં પરિવર્તન આવ્યું છે ?
[A] સમાનતા [B] સ્વતંત્રતા [C] ન્યાય [D] ઉપરના બધા
44. ગ્રામીણ સમાજમાં પરિવર્તન માટે નીચેનું કયું કારણ જવાબદાર છે ?
[A] રાષ્ટ્રીય ચળવળ [B] પંચાયતી રાજ [C] સંપર્કવ્યવહારના સાધનો [D] ઉપરના બધા જ
45. સ્વધારા યોજનામાં કઈ સુવિધાનો સમાવેશ થાય છે.?
[A] હેન્ડ પંપ [B] મિનિ પાઇપલાઇન [C] ભૂગર્ભ ટાંકા [D] ઉપરના બધા જ
46. પ્રધાનમંત્રી ગ્રામીણ સડક યોજના કઈ સાલ માં અમલમાં મુકવામાં આવી છે.?
[A] 2005 [B] 2006 [C] 2000 [D] 2009
47. રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી યોજના હેઠળ વર્ષ દરમિયાન કેટલા દિવસ રોજગાર મેળવવાનો અધિકાર બક્ષે છે.?
[A] 200 દિવસ [B] 100 દિવસ [C] 300 દિવસ [D] 150 દિવસ
48. **SGSY** યોજના કયારે અમલમાં મુકવામાં આવી.?
[A] 1 માર્ચ 1999 [B] 1 જાન્યુ 1999 [C] 1 એપ્રિલ 1999 [D] એક પણ નહિ
49. ગ્રામીણ પરિવર્તનમાં શેનો સમાવેશ થાય છે.?
[A] સામાજિક અલગતામાં ઘટાડો [B] આર્થિક પરિવર્તન [C] યંત્રવૈજ્ઞાનિક પરિવર્તન [D] ઉપરના બધા જ
50. વોટરશેડ ડેવલપમેન્ટ કાર્યક્રમ કયારે અમલમાં મુકવામાં આવ્યો છે.?
[A] 2000 [B] 1999 [C] 1995 [D] 2009